આજે દેવ દિવાળી

અંતરના અંધકારને દૂર કરનારો દીપોત્સવ એટલે દેવ દિવાળી

શિવના વિજયનો પ્રકાશ પર્વ

ત્રિપુરાસુરના વધ બાદ દેવી-દેવતાઓએ કાશીમાં દીવા પ્રગટાવી વિજયોત્સવ મનાવ્યો હતો, ત્યારથી દેવદિવાળીની પરંપરા

સુરતઃ દેવ દિવાળીનો પર્વ આવતીકાલે સુરત સહિત સમગ્ર દેશમાં ભક્તિભાવ અને આનંદના માહોલમાં ઉજવાશે.

આ પર્વને દેવતાઓની દિવાળી માનવામાં આવે છે. પૌરાણિક કથાઓ મુજબ ત્રિપુરાસુર નામના રાક્ષસે પોતાના અત્યાચારોથી દેવતાઓ અને ઋષિઓમાં આતંક ફેલાવ્યો હતો. તેના અત્યાચારોથી પરેશાન થઈ દેવતાઓએ ભગવાન શિવને પ્રાર્થના કરી. ત્યારે ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કરી ધર્મ અને સત્યની સ્થાપના કરી. આ વિજયના આનંદમાં દેવોએ કાશીમાં દીવો પ્રગટાવી ઉજવણી કરી, જે દેવ દિવાળી તરીકે પ્રખ્યાત બની. આ પવિત્ર દિવસે તુલસી વિવાહનો પ્રસંગ પણ ઉજવવામાં આવે છે.

આજથી જ હિંદુ ધર્મ અનુસાર લગ્નો અને શુભ કાર્યો માટેના મુહૂર્તો શરૂ થાય છે. શહેરનાં વિવિધ મંદિરોમાં વહેલી સવારે મહાપૂજા, આરતી અને દીપદાન કાર્યક્રમો યોજાયા છે, ભક્તો મંદિરોમાં દીવા પ્રગટાવી પ્રાર્થના કરશે.

દીપદાનનું આધ્યાત્મિક મહત્ત્વ

દેવ દિવાળીના દિવસે દીવા પ્રગટાવવાનું ખાસ ધાર્મિક મહત્વ છે. માન્યતા છે કે આ દિવસે ગંગા સ્નાન અને દીપદાનથી પુણ્ય મળે છે. ભક્તો પોતાના ઘરો તથા મંદિરોમાં ૫, ૭, ૧૧ અથવા વધુ એકી સંખ્યામાં દીવા પ્રગટાવે છે. એવું માનવામાં આવે છે કે આ દીપો અંધકાર દૂર કરી જીવનમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ લાવે છે.

મંદિરોમાં આજે દીપોત્સવ સહિતના કાર્યક્રમો

સુરતના પાર્લે પોઈન્ટ અંબાજી, વેસુ, અડાજણ તથા કતારગામ સ્થિત મંદિરોમાં દેવ દિવાળી નિમિત્તે સવારથી જ ભાવિ ભક્તો ઉમટી પડશે. મંદિરોને ફૂલોથી શણગારવામાં આવ્યા છે અને સાંજે વિશાળ દીપોત્સવનું આયોજન છે. અનેક સ્થળોએ તુલસી વિવાહ તથા ભજન-કીર્તનના કાર્યક્રમો યોજાશે. ભક્તોએ આજના દિવસે સદ્ગુણો અપનાવવાની અને પ્રકાશ દ્વારા અંધકાર પર વિજય મેળવવાની પ્રેરણા લેવાની અપીલ પણ કરી છે. દેવ દિવાળીનો આ પવિત્ર તહેવાર દિવાળીના અંતિમ અધ્યાય તરીકે ઉજવાય છે, જે પ્રકાશ, શુદ્ધતા અને ભક્તિના સંકલનનું પ્રતિક છે. આજનો દિવસ માત્ર દીવો પ્રગટાવવાનો નહીં, પણ અંતરના અંધકારને દૂર કરી આત્મિક પ્રકાશ પ્રગટાવવાનો દિવસ ગણાય છે.

ભરીપુરી માતાનો સાલગીરી મહોત્સવ ઉજવાશે

સુરતઃ સિંગણપોર ખાતે ભરીમાતા સ્થિત શ્રી ભરીપુરી માતાજીનાં મંદિર ખાતે આગામી તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫, બુધવારે દેવદિવાળીનાં દિવસે માતાજીનો સાલગીરી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ પાવન પ્રસંગે મંદિરના આગેવાનો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. સવારે ૭:૩૦ કલાકે મહાઆરતી, બપોરે ૧૨:૦૦ કલાકે હવન પૂજા અને સાંજે ૪:૦૦ કલાકે મહાપ્રસાદી યોજાશે. ત્યાર બાદ સાંજે ૭:૧૫ કલાકે આરતી બાદ રક્તદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મંદિરના આગેવાનોએ ભાવી ભક્તોને માતાજીના આશીર્વાદ તથા દર્શનનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

પોલીસની પાલના રાત્રિ ઠેકાણા પર "મિશન મિડનાઇટ" કાર્યવાહી

પાલમાં મધરાતે ટોળે વળતાં લોકોને પોલીસે ઊઠબેસ કરાવી

મોડે સુધી ધંધો કરતા ચા-પાનના ગલ્લાના માલિકોને ચેતવણી આપી, પોલીસનો કાફલો જોઈને લોકોમાં નાસભાગ મચી ગઈ

સુરતઃ શહેરમાં રાત્રિ દરમિયાન વધતી અવરજવર અને યુવાનોના રાત્રિના સમયના ટોળાં પર નિયંત્રણ મેળવવા ઝોન-૭ના ડી.સી.પી. શ્રીમતી શેફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ પાલ પોલીસ દ્વારા "મિશન મિડનાઇટથી નાઇટઆઉટ" અભિયાન હાથ ધરાયું હતું.

આ અભિયાન અંતર્ગત પોલીસની ટીમોએ પાલ વિસ્તારના મુખ્ય માર્ગો, ચાની હોટલો તથા ગલ્લાઓ પર અચાનક રાત્રિ ચેકિંગ હાથ ધર્યું હતું. મોડી રાત્રે ગલ્લાઓ પર અડ્ડો જમાવીને બેસતા લોકોને હટાવી ચેતવણી આપવામાં આવી હતી. પોલીસની ગાડીઓનો કાફલો જોઈ નશેડીઓ ભાગી છૂટ્યા હતા. પોલીસે કેટલાક લોકોને ઉઠક બેઠક કરાવી પાઠ ભણાવી ચેતવણી આપી હતી.

જાહેર સુરક્ષા અને શાંતિ જળવાઈ રહે તે માટે વાહન ચેકિંગ સાથે પોલીસ પેટ્રોલિંગ વધુ તીવ્ર બનાવાયું હતું. ડી.સી.પી. શ્રીમતી શેફાલી બારવાલે જણાવ્યું હતું કે, "રાત્રિના સમયે અયોગ્ય રીતે ભેગા થનારાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને નાગરિકોની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે."

ભાજપ શહેર સંગઠન માટે આજે સેન્સ લેવાશે

પ્રદેશ નિરીક્ષકો શબ્દશરણ બ્રહ્મભટ્ટ અને સુધીર લાલપુરવાળા ધારાસભ્યો, સાંસદો, મેયર, પ્રદેશ હોદ્દેદારો પાસેથી 20 હોદ્દેદાર માટે સેન્સ લેશે

સુરતઃ પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે જગદીશ વિશ્વકર્માની નિમણૂક હાલમાં જ થઈ છે. તેમજ ભાજપ દ્વારા રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ પણ કરાયું છે. ત્યારે શહેર અને જિલ્લા ભાજપના પ્રમુખોની વરણી બાદ સંગઠનના હોદ્દેદારોના ગૂંચવાયેલા કોકડાને ઉકેલવા ભાજપે નવા નિયમો સાથે કવાયત હાથ ધરી હોવાથી સુરત શહેર ભાજપ સંગઠનના ઉપપ્રમુખો અને મહામંત્રીઓ સહિત 20 હોદ્દેદારની નિમણૂકની કામગીરી આગળ ધપાવવા માટે 5 નવેમ્બરે પ્રદેશ ભાજપના બે નિરીક્ષક શબ્દશરણ બ્રહ્મભટ્ટ અને સુધીર લાલપુરવાળા સુરત આવશે.

અગાઉ શહેર ભાજપ પ્રમુખ આ નિમણૂકો પોતાની રીતે કરીને પોતાને અનુકૂળ ટીમ બનાવતા હતા. જો કે, હવે પ્રદેશ મોવડમંડળ શહેર-જિલ્લા પ્રમુખોની આ સત્તા પણ છીનવી લઇને નવી પ્રથા શરૂ કરવા જઇ રહ્યું છે. આજે સુરત આવનાર ભાજપના નિરીક્ષકો 3 મહામંત્રી, ઉપપ્રમુખો, ખજાનચી, મંત્રી, સહમંત્રી જેવાં પદો માટે સુરતના સાંસદો, ધારાસભ્યો, કેબિનેટ મંત્રી, જિલ્લા પ્રભારી, પ્રભારી મંત્રી, પ્રદેશના પદાધિકારી, મેયર, પૂર્વ શહેર પ્રમુખ અને રાજ્ય સરકારના મંત્રીઓ (જે સુરત મહાનગર સાથે સંકળાયેલા હોય) પાસેથી સેન્સ લેશે અને દરેક હોદ્દાઓ દીઠ ત્રણ-ત્રણ દાવેદારની પેનલ બનાવશે. સંગઠનના નવા માળખામાં યુવાઓને વધુ પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે, જે અપેક્ષિતોની યાદીમાં છે. આગામી 15થી 20 નવેમ્બર સુધી રાજ્યનાં તમામ શહેર અને જિલ્લાઓમાં ભાજપ સંગઠનનું સંપૂર્ણ માળખું જાહેર થઇ જાય તેવી શક્યતા છે.

સ્પ્લેન્ડર ચોરી ભાગેલો વાહનચોર 23 વર્ષે પકડાયો

નાથદ્વારામાં ત્રણ દિવસના ઓપરેશન બાદ મહિધરપુરા પોલીસે ટેક્નિકલ સૂત્રો અને હ્યુમન સોર્સિસની મદદથી આરોપીને દબોચ્યો

અગાઉ ત્રણને પકડી લેવાયા હતા, પરંતુ શંકર ગાયરી ફરાર હતો

સુરતઃ શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશનની ટીમે ૨૩ વર્ષથી નાસતા ફરતા વાહન ચોરીના આરોપીને રાજસ્થાનના નાથદ્વારાથી ઝડપી પાડ્યો છે. ૨૦૦૨માં થયેલી વાહન ચોરીના ગુનામાં સી.આર.પી.સી. કલમ ૭૦ હેઠળ વોરંટ જાહેર કરાયેલા આરોપી શંકર પન્નાલાલ ગાયરીને પોલીસે ત્રણ દિવસના ગુપ્ત ઓપરેશન દબોચ્યો લીધો હતો.

આરોપી શંકર પન્નાલાલ ગાયરી (ઉ.વ. ૪૩, ધંધો મજૂરી, રહેવાસી બાગોલ, તાલુકો નાથદ્વારા, જીલ્લો રાજસમંદ - રાજસ્થાન) વિરુદ્ધ સી.આર. પી.સી. કલમ ૭૦ મુજબ વોરંટ જાહેર કરાયું હતું. શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતની સૂચના હેઠળ નાસતા ફરતા આરોપીઓને પકડવાની વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ હતી. મહિધરપુરા પોલીસ સ્ટેશનના સીનિયર પોલીસ ઈન્સ્પેક્ટર અને સેકન્ડ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એલ. ડામોરની આગેવાનીમાં સર્વેલન્સ ટીમ રાજસ્થાન મોકલાઈ હતી. ત્રણ દિવસ સુધી નાથદ્વારામાં રોકાણ કરીને હ્યુમન સોર્સીસના માધ્યમથી તપાસ હાથ ધરાઈ હતી. સ્થાનિકોની પુછપરછ અને ટેકનિકલ વર્કઆઉટ બાદ ટીમે શંકર ગાયરીને નાથદ્વારામાંથી દબોચી લીધો છે. આરોપીને મહિધરપુરા પોલીસ સ્ટેશને લાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નોંધનીય છે કે ૨૦૦૨માં આરોપી સહિત ચાર વ્યક્તિએ બેલ્જિયમ ટાવર પાસેથી સ્પેલન્ડર પ્લસ મોટરસાયકલ ચોરી હતી. અન્ય ત્રણ આરોપીને અગાઉ પકડીને કાર્યવાહી કરાઈ હતી, પરંતુ શંકર ગાયરી ત્યારથી નાસતો ફરતો હતો. હાલમાં તે નાથદ્વારામાં જઈને છુપાયો હતો.

બાઈક સ્લિપ થઈ જતાં એક ભાઈનું મોત, બીજાને ઈજા

બંને ભાઈ નવસારી સંબંધીના ઘરેથી પરત આવતા હતા ત્યારે સચિન બ્રિજ પાસે અકસ્માત, પિતા સિવિલ હોસ્પિ.માં સર્વન્ટ

સુરતઃ સચિન બ્રિજ પાસે નવી સિવિલ હોસ્પિટલના સર્વન્ટના બે પુત્રને અકસ્માત નડ્યો હતો, જે પૈકી એકનું ગંભીર ઈજાને પગલે મોત નીપજ્યું હતું.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ ભટાર ટેનામેન્ટ ખાતે રહેતા 21 વર્ષીય હર્ષિત તપેશ પટેલ અને તેનો મોટોભાઈ 22 વર્ષીય રીકેશ તપેશ પટેલ, બંને નવસારી ગણદેવી ખાતે રહેતા સંબંધીના ઘરે ગયા હતા. સોમવારે સવારે બંને ભાઈ બાઈક પર પોતાના ઘરે પરત આવી રહ્યા હતા. ત્યારે સચિન બ્રિજ પાસે તેમની બાઈક સ્લીપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં બંને ભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી સારવાર માટે તાત્કાલિક તેમને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન હર્ષિતનું મંગળવારે સવારે મોત નીપજ્યું હતું. પુત્રના મોતને પગલે પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે હર્ષિત આઈટીઆઈનો અભ્યાસ કરતો હતો અને સાથો સાથ પરિવારને આર્થિક રીતે મદદ કરવા માટે સીસીટીવી કેમેરાના કામકાજ સાથે પણ સંકળાયેલો હતો. તેના પિતા નવી સિવિલ હોસ્પિટલ ખાતે કોન્ટ્રેક્ટ હેઠળ સર્વન્ટ તરીકે ફરજ બજાવે છે. આ અંગે વધુ તપાસ પોલીસ કરી રહી છે.

રીક્ષામાં મુસાફરના ૫૦ હજાર ચોરનાર ઝડપાયો

પેસેન્જરની નજર ચૂકવી રોકડ, મોબાઈલ તથા સામાનની ચોરી કરતી ટોળકીના સભ્યને SOGએ ઝડપી પાડ્યો

સુરત : રીક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેસી સાથેના પેસેન્જરની નજર ચૂકવી રોકડ, મોબાઈલ તથા સામાનની ચોરી કરતી ટોળકીના એક સભ્યને SOG પોલીસે ઝડપી પાડ્યો છે.

એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. મો. મુનાફ ગુલામરસુલ તથા પી.સી. કૌશલકુમાર કનૈયાલાલને મળેલી બાતમીને આધારે તાત્કાલિક વોચ ગોઠવી હમીદ ઉર્ફે ગધા ગની શેખ (ઉંમર 38, રહે. રઝા ચોક, પતરાની ચાલ પાસે, મિઠીખાડી, લિંબાયત) ને ઝડપી લીધો હતો. આરોપીએ ખુલાસો કર્યો હતો કે, બે મહિના પહેલા સિંગણપોર ચાર રસ્તા નજીકથી એક પેસેન્જરને પોતાની રીક્ષા (નં. GJ05-CX-6374) માં બેસાડ્યો હતો. તેની સાથેના મિત્ર શરીફ ઉર્ફે અજ્જુ કાલીયા, જબ્બાર ઉર્ફે માશ, તથા આસીફ ઉર્ફે પંટા પણ રીક્ષામાં હતા. થોડા અંતરે જબ્બારે પેસેન્જરની નજર ચુકવી રૂપિયા 50 હજાર રોકડ ચોરી કરી લીધા હતા.

બાદમાં કતારગામ નજીક રીક્ષાના આગળના ટાયરમાં હવા ઓછી હોવાનું કહી પેસેન્જરને ઉતારી આખી ટોળકી ભાગી ગઈ હતી. પોલીસે આરોપીને કતારગામ પોલીસને વધુ કાર્યવાહી માટે સોંપી દીધો છે. આરોપી હમીદ શેખ વિરુદ્ધ અગાઉ કતારગામમાં 2 જ્યારે અઠવા, વરાછા લિંબાયતમાં એક એક ચોરીના ગુના નોંધ્યા છે.

મનપાની ટીમ બાળકોને મળી તેમની સમસ્યા જાણશે

મંગળવારે આઈસીસી સેન્ટર ખાતે CFC પહેલ હેઠળ યુનિસેફના સંયુક્ત પ્રયાસોથી વર્કશોપ યોજાયો

સુરતઃ શહેરના દરેક વર્ગનાં બાળકોના શિક્ષણ, ન્યુટ્રીશ્યન વેલ્યુ, તેમના પ્રોટેક્શન વગેરે ઈશ્યુઓને મનપા, યુનિસેફ, આઈસીડીએસ વિભાગોની 10થી 20 લોકોની ટીમ બનાવાશે. આ ટીમ મળીને શહેરના વિસ્તારોમાં બાળકોને સવાલો કરી તેમની સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કરશે. જેની શરૂઆત ઉધના ઝોનથી કરાશે

મંગળવારે ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ખાતે ચાઈલ્ડ-ફ્રેન્ડલી સિટી (CFC) પહેલ હેઠળ સુરત મહાનગરપાલિકા અને યુનિસેફના સંયુક્ત પ્રયાસોથી UHCRCE દ્વારા અમલીકરણ કરાતું બાળ સુરક્ષા વલ્નરેબિલિટી મેપિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સુરત મહાનગર પાલિકાના હેલ્થ વિભાગ, ICDS વિભાગ, શહેરના એકેડેમિશ્યન નિષ્ણાતો, વિવિધ NGOs/CSOs તેમજ યુનિસેફની ચાઈલ્ડ પ્રોટેક્શન ટીમે સક્રિય ભાગ લઈ ચર્ચા કરી હતી અને પોતાના વિચારો રજૂ કર્યા હતા. મનપા કમિશનર શાલિની અગ્રવાલે સુરત શહેરને ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી બનાવવા તમામ પ્રયાસો કરવા માટેની ખાતરી આપી હતી. શહેરના ગરીબ, મધ્યમ, અને અપર ક્લાસના તમામ વર્ગનાં બાળકોને આવરી લઈ તેમની વિવિધ સમસ્યાઓ જેમ કે, શિક્ષણ, ન્યુટ્રીશન વેલ્યુ, તેમને ઘરેથી કોઈ પ્રકારનું દબાણ થાય છે કે બાળક પોતાના માતા-પિતા સાથે ખૂલીને વાત ન કરી શકતું હોય, કોઈ વ્યક્તિ દ્વારા તેમનું શોષણ થતું હોય, તેઓ સાથે એબ્યુઝ થતું હોય તે તમામ બાબતે આ ટીમ બાળકોને મળી તેમને સવાલો પૂછશે અને તેમની સમસ્યાનું નિરાકરણ લાવવા પ્રયાસ કરાશે. એ માટે મનપા દ્વારા ટોલ ફ્રી નંબર પણ જાહેર કરાશે. શાળાઓમાં પણ આ ટોલ ફ્રી નંબર આપી બાળકોને આ વિશે જાણકારી અપાશે બાળકોમાં કોઈપણ લક્ષણો એવા જણાય કે તે એબનોર્મલ બિહેવિયર કરે છે તે અંગે પણ આ ટીમ સરવે કરી જાણકારી મેળવશે.



■ આજની ગુરુ નાનક જયંતી નિમિત્તે ભટારમાં ગુરુદ્વારાને રોશની કરાઈ હતી. (ત.: સતીષ જાદવ)

આજે શહેરના ગુરુદ્વારાઓ ભક્તિમય માહોલથી ગૂંજશે

દિવાળીના પર્વથી ભટાર રોડ, ઉધના તથા વેસુના ગુરુદ્વારાઓમાં અખંડ પાઠ અને કિર્તનનાં સમાપન થયાં

સુરતઃ આજે શ્રી ગુરુ નાનક દેવ સાહેબના પપ૬મા પ્રકાશ પર્વ નિમિત્તે સુરત શહેરનાં તમામ ગુરુદ્વારાઓમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. ખાસ કરીને વેસુ સ્થિત શ્રી ગુરુ ગ્રંથ સાહેબ જી ગુરુદ્વારામાં બુધવારે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુરુદ્વારાના આગેવાન મનજીત સિંહ છાબરાએ જણાવ્યું કે, દિવાળીના પર્વથી ભટાર રોડ, ઉધના તથા વેસુની ગુરુદ્વારાઓમાં અખંડ પાઠ અને કીર્તનો ચાલી રહ્યા છે. આજે નાનક જયંતિના પવિત્ર દિવસે સવારે ૮:૩૦ કલાકે સમાપ્ત થશે. પાઠ સમાપન બાદ ગુરુના લંગરનો આરંભ કરવામાં આવશે. બપોરે ૧૦:૩૦ થી ૧૨:૪૦ સુધી ભાઈ તેજિંદર સિંહ (મુંબઈ વાળા)ના કીર્તન જાથા દ્વારા ગુરુવાણી કીર્તન રજૂ કરવામાં આવશે. સાંજના સમયે રાત્રિ સભાનું આયોજન પણ રાખવામાં આવ્યું છે, જેમાં રાત્રે ૮:૦૦ થી ૯:૦૦ સુધી બાળકો દ્વારા કીર્તન અને ત્યાર બાદ ૯:૦૦ થી ૧૦:૩૦ સુધી સમૂહ સંગત દ્વારા કીર્તન યોજાશે. ત્યારબાદ રાત્રે ૯:૦૦ વાગ્યે ગુરુના લંગરનો આરંભ થશે. કાર્યક્રમની સમાપ્તિ બાદ ગરમ દૂધના લંગરનું વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે ગુરુદ્વારાના પરિસરમાં દિવ્ય સજાવટ કરવામાં આવી છે.

વહેલી સવારે શહેરના અનેક વિસ્તારોમાં નાનકજીની શોભાયાત્રાઓ નીકળશે

શહેરના ભટાર રોડ સ્થિત બે મુખ્ય ગુરુદ્વારાઓ સહિત અલગ અલગ વિસ્તારોની ગુરૂદ્વારામાં વહેલી સવારથી ભવ્ય શોભાયાત્રાઓનાં આયોજનો કરવામાં આવ્યા છે. ઉધના, વેસુ સહિતની ગુરુદ્વારાઓ પણ આ શોભાયાત્રામાં જોડાશે. વાહેગુરુના ભજન અને પ્રાર્થનાથી ગુંજતા આ યાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. માર્ગને પવિત્રતા સ્વરૂપે જળથી ધોઈને સ્વચ્છ બનાવવામાં આવશે અને સમગ્ર માર્ગ પર ફૂલોની વર્ષા કરવામાં આવશે.

વ્રત-તહેવારો માટે નવેમ્બર છે ખાસ

આ મહિનામાં મહત્ત્વપૂર્ણ એવા તુલસી વિવાહ, ગુરુનાનક જયંતી બાદ પણ આવતી તિથિઓમાં તહેવારોની હારમાળા

સુરતઃ નવેમ્બર મહિનો ખૂબ જ ખાસ માનવામાં આવે છે. આ મહિનો દિવાળી અને તુલસી વિવાહ જેવા શુભ તહેવારો તેમજ ચાતુર્માસનો અંત દર્શાવે છે.

દેવઊઠી એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગે છે, જે ચાર મહિનાથી રોકાયેલા તમામ શુભ અને શુભ કાર્યોના પુનઃ પ્રારંભને ચિન્હિત કરે છે. નવેમ્બર મહિનો કારતક મહિનાના શુક્લ પક્ષની દશમી તિથિથી શરૂ થયો હતો, જે માગસર મહિનાના શુક્લ પક્ષની અષ્ટમી તિથિ સાથે સમાપ્ત થશે. આ મહિનો વ્રત અને તહેવારોની દૃષ્ટિએ ખૂબ જ ખાસ રહેશે.

નવેમ્બર-2025 કેલેન્ડર

તારીખ	વાર	તહેવાર
5-11-2025	બુધવાર	ભીષ્મ પંચક સમાપ્ત, ગુરુ નાનક જયંતિ, પુષ્કર સ્નાન, કારતક પૂર્ણિમા
6-11-2025	ગુરુવાર	માગસર માસ શરૂ થાય છે
8-11-2025	શનિવાર	ગણાધિપ સંકષ્ટિ
11-11-2025	મંગળવાર	માસિક કૃષ્ણ જન્માષ્ટમી
12-11-2025	બુધવાર	કાલભૈરવ જયંતિ, કાલાષ્ટમી
15-11-2025	શનિવાર	ઉત્પન્ના એકાદશી
16-11-2025	રવિવાર	વૃશ્ચિક સંક્રાંતિ
17-11-2025	સોમવાર	સોમ પ્રદોષ વ્રત
18-11-2025	મંગળવાર	માસિક શિવરાત્રી
19-11-2025	બુધવાર	દર્શ અમાવસ્યા, માગસર અમાવસ્યા
22-11-2025	શનિવાર	ચંદ્ર દર્શન
24-11-2025	સોમવાર	વિનાયક ચતુર્થી
25-11-2025	મંગળવાર	વિવાહ પંચમી
26-11-2025	બુધવાર	સ્કંદ ષષ્ઠી
28-11-2025	શુક્રવાર	માસિક દુર્ગાષ્ટમી

નવેમ્બર મહિનામાં ઉજવાનારા વ્રત તહેવાર

અંગ્રેજી કેલેન્ડરનો 11મો મહિનો નવેમ્બર કારતક મહિનાના શુક્લ પક્ષની દશમી તિથિથી શરૂ થયો, જે માગસર મહિનાના શુક્લ પક્ષની અષ્ટમી તિથિ સાથે સમાપ્ત થશે. જ્યોતિષિઓનાં મંત્વયો મુજબ આ મહિનો પંચકથી શરૂ થયો છે, જે દુર્ગાષ્ટમી સાથે સમાપ્ત થશે. આ મહિનામાં ઘણાં મોટા ઉપવાસ અને તહેવારો આવવાના છે. ભીષ્મ પંચક આ મહિને આવશે. ઉપરાંત દેવ દિવાળી, ગુરુ નાનક જયંતી, કારતક પૂર્ણિમા, માગસર મહિનાથી લઈને વિવાહ પંચમી આ મહિને ઉજવાશે.

પશ્ચિમ રેલવે દ્વારા પેન્શનર્સ માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ કેમ્પેઈન

સુરતઃ પશ્ચિમ રેલવે રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (ડી.એલ.સી.) અભિયાન 4.0 માં સક્રિય રીતે જોડાઈ છે. પેન્શન અને પેન્શનભોગી કલ્યાણ વિભાગ દ્વારા આયોજિત આ અભિયાન 1 નવેમ્બરથી 30 નવેમ્બર 2025 સુધી ચાલશે. પશ્ચિમ રેલવેના અધિકારી વિનિત અભિષેકે જણાવ્યું હતું કે, આ અભિયાનનો મુખ્ય હેતુ પેન્શનરોને ડિજિટલ રીતે સશક્ત બનાવવાનો છે. એન્ડ્રોઈડ અને iOS બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ 'લાઈફ સર્ટિફિકેટ' મોબાઈલ એપ્લિકેશન મારફતે પેન્શનરો પોતાના ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સરળતાથી સબમિટ કરી શકે છે. નવેમ્બર માસ દરમિયાન પશ્ચિમ રેલવેના વિવિધ કચેરીઓ, બેંકો અને હોસ્પિટલોમાં વિશેષ કેમ્પ, સેમિનાર અને વર્કશોપ યોજાશે.